# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે નારણપુરામાં ઓલમ્પિક કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું ખાતમુહુર્ત

અમદાવાદ,તા.૨૯

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં રૂપિયા ૬૨૪ કરોડના ખર્ચે નિર્માણ થનારા અતિઆધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું ખાતમુર્હુત કરતા સમગ્ર ગાંધીનગરના સંસદીય મતવિસ્તારને ૨૦૨૪ સુધીમાં દેશનું સૌથી વધુ વિકસિત અને રમતગમત સહિતની સર્વાંગી સુવિધાથી સમૃદ્ધ મતવિસ્તાર બનાવવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે જણાવ્યું કે, તેમના સંસદીય મતવિસ્તારમાં આવતી આ નારણપુરાની જમીન વર્ષોથી એમને એમ પડી હતી. તે અંગે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અહી રમત ગમતનું અદ્યતન સ્પોર્ટ્સ સંકુલ ઊભુ કરી યુવા ખેલાડીઓને તક આપવા કરેલી રજૂઆતનો પ્રધાનમંત્રીએ તાત્કાલિક પ્રતિભાવ આપીને રૂપિયા ૬૦૦ કરોડ મંજૂર કર્યા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આ રમત ગમત સંકુલ આવનારા ૩૦ મહિનામાં સમય બદ્ધ રીતે પૂર્ણ થાય તે માટે તેઓ જાતે તેની સમગ્ર કામગીરીનું મોનિટરીંગ કરશે અને પ્રધાનમંત્રીના હસ્તે આ સંકુલનું લોકાર્પણ કરાશે. સમગ્ર ગાંધીનગર મતવિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષમાં રૂપિયા ૮૬૭૬ કરોડના વિકાસ કામો પૂર્ણ થયા છે તેની વિગતો તેમણે આ અવસરે આપી હતી. તેમણે કહ્યું કે, છેલ્લા ૩ વર્ષમાં ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં રૂપિયા ૮૬૧૩ કરોડના વિકાસકાર્યો કરવામાં આવ્યા જેમાં ઘાટલોડીયા વિધાનસભા રૂપિયા ૧૯૮૪ કરોડ, નારણપુરા વિધાનસભામાં રૂપિયા ૧૩૦૩ કરોડ, વેજલપુર વિધાનસભામાં રૂપિયા ૫૬૧ કરોડ, સાબરમતી વિધાનસભામાં રૂપિયા ૬૩૪ કરોડ, સાણંદ વિધાનસભામાં રૂપિયા ૮૦૦ કરોડ, ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં રૂપિયા ૨૮૦૦ કરોડ, કલોલ વિધાનસભામાં રૂપિયા ૫૩૧ કરોડનો સમાવેશ થાય છે. કોમ્પ્લેક્ષનું ભૂમિપૂજન કરતા અમીતભાઈ શાહે જણાવ્યું હતું કે, આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ નારણપુરા, ઘાટલોડિયા, વેજલપુર, એલિસબ્રિજ સહિતના વિસ્તારોની મેદાન વિનાની સ્કૂલોના બાળકો માટે વરદાનરૂપ બનશે આવનારા દિવસોમાં આ સંકુલમાં બાળકો આવીને રમતો રમી શકશે એટલું જ નહિં ઓલિમ્પિક રમતો માં ભાગ લઈ શકે તેવા પ્રતિભા કૌશલ્ય વાન ખેલાડીઓ પણ અહીં તૈયાર થશે. આ પ્રસંગે કેન્દ્રિય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર, કેન્દ્રિય રાજ્યમંત્રી નિશીથ પ્રમાણિક, રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સના ખેલાડીઓ તથા પ્રેક્ષકોને ટ્રાન્સપોર્ટેશનની સરળ



સુવિધા મળી શકે તે હેતુથી અમદાવાદ શહેરની મધ્યમમાં આ કોમ્પ્લેક્ષની જગ્યા પસંદગી કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કક્ષાની રમતો સાથે-સાથે પ્રાદેશિક રમત-ગમતોને પણ પ્રોત્સાહન મળી શકે તે મુજબ ડિઝાઇન કરવામાં આવેલા આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષને મુખ્ય ૬ ભાગમાં વહેંચવામાં આવ્યું છે. જેમાં એક્વાટિક કોમ્પ્લેક્ષ, કોમ્યુનિટી સ્પોર્ટ્સ સેન્ટર, સેન્ટર ફોર સ્પોર્ટ્સ એક્સલન્સ, ફિટ ઇન્ડિયા ઝોન તેમજ આઉડ ડોર સ્પોર્ટ્સનો સમાવેશ થાય છે. અમિત શાહે કહ્યું કે આ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બાબતે ભારત સરકારના રમતગમત મંત્રાલયનો અને ખાસ કરીને મંત્રી અનુરાગ ઠાકુરનો હૃદયપૂર્વક આભાર માનું છું. અમદાવાદને રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે નામના અપાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ એ અનેક પ્રયાસો કર્યા છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.અમિત શાહે કહ્યું કે, ગુજરાત લશ્કર અને રમતગમતની બાબતમાં મેણા સાંભળતું આવ્યું હતું કે વેપારી લોકો અને દાળભાત ખાનારા લોકો છે, પણ આજે મોદી સાહેબના નેતૃત્વમાં અને માર્ગદર્શન હેઠળ ગુજરાત દેશમાં રમતગમત ક્ષેત્રે ટોપ ટેનમાં આવી ગયું છે અને લશ્કરમાં પણ ગુજરાતની એક પણ જગ્યા ખાલી નથી. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ થકી રમતવીરોને એક મંચ મળશે, સુવિધા મળશે તેના પરિણામે ગુજરાત સ્પોર્ટ્સમાં પણ નંબર વન બની જશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.તેમણે વધુમાં કહ્યું કે, નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત એક સુરક્ષિત, સમૃદ્ધ , શિક્ષિત અને ગૌરવશાળી દેશ બન્યો છે. આઠ વર્ષના નરેન્દ્રભાઈના શાસનમાં ભારત દુનિયાની દષ્ટિએ ખૂબ આગળ વધી ગયું છે.અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ તેમજ તેની બાજુમાં નદીના તટમાં તૈયાર થઇ રહેલ સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ તેમજ આ નારણપુરાનું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તૈયાર થઈ જશે એ પછી શહેરમાં બીજા ત્રણ સ્પોર્ટ્સ સંકુલો અમપણ નિર્માણ કરીને અમદાવાદને ઓલિમ્પિકની યજમાની કરવા સક્ષમ બનાવવાની અમારી નેમ છે એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કેન્દ્રિય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતુ કે, રૂપિયા ૬૩૨ કરોડના ખર્ચે બનવા જઇ રહેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનો શિલાન્યાસ એ એક ઐતિહાસિક ક્ષણ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહની કલ્પનાશક્તિ અને દુરંદેશીપણાના ફળસ્વરૂપે આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ગુજરાત અને ભારતની સ્પોર્ટ્સ ઇકોસિસ્ટમ અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અનેકગણું મજબૂત બનાવશે, જેનો લાભ રાજ્યના લાખો રમતવીરોને થશે.

નવનિર્મિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે ખેલાડીઓ માટે વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, જાહેર જનતા માટે પણ ફિટનેસ અને સ્પોર્ટ્સની તમામ સુવિધાઓ આ કોમ્પ્લેક્ષમાં ઉપલબ્ધ હશે.વિશ્વકક્ષાની સુવિધાઓથી સભર આ કોમ્પ્લેક્ષ ભવિષ્યમાં ઓલિમ્પિક કક્ષાની ઈવેન્ટ્સ નું આયોજક અને સહભાગી બની શકે છે.વધુમાં તેમણે કહ્યું હતું કે, ગુજરાતના કેટલાય ખેલાડીઓ ઓલમ્પિક અને પેરાલિમ્પિક ક્ષેત્રે પોતાનું ખમીર બતાવી ચુક્યા છે. ભાવીનીબેન પટેલ, સરિતા ગાયકવાડ, માના પટેલ, સોનલ પટેલ, પારુલ પરમાર, અંકિતા રૈના જેવા કેટલાય સફળ ખેલાડીઓ ગુજરાતએ આપ્યા છે અને આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ થકી આ ખેલાડીઓ તેમજ અન્ય પ્રતિભાશાળી ખેલાડીઓને રમતગમત ક્ષેત્રે એક વિશ્વસ્તરીય પ્લેટફોર્મ મળી રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા સ્પોર્ટ્સ ક્ષેત્રે ''ખેલો ઇન્ડિયા જેવું એક સફળ રમતગમત પ્લેટફોર્મ ઉભું કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે ''ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ અને ''ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ દેશભરના ખેલાડીઓની પ્રતિભાને આગવી ઓળખ આપે છે. આજે ભારતના રમતવીરો ટોકયો ઓલિમ્પિક, પેરાલિમ્પિક , થોમસ કપ, વિમેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપ જેવી વૈશ્વિક સ્પર્ધાઓમાં ભારત માટે મેડલ જીતી રહ્યા છે. જે સરકારની સમતગમત ક્ષેત્રેની ઉત્કૃષ્ટ પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે. નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પણ ગુજરાતી ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે ત્રિરંગાનું નામ રોશન કરવા માટે તૈયાર કરશે. કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા સ્પોર્ટસ બજેટ પેહલા જે ૧૨૦૦ કરોડ હતું તે હવે ૩૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે. ખેલો ઇન્ડિયાનું ગતવર્ષનું બજેટ ૬૩૦ કરોડ હતું જે આ વર્ષે વધારીને ૯૭૦ કરોડ કર્યું છે.

# હાર્દિક પટેલ આજે કે આવતીકાલે ભાજપમાં જોડાઇ શકે તેવી શકયતા

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૨૯

પાટીદાર નેતા હાર્દિક પટેલે કોંગ્રેસમાંથી કાર્યકારી પ્રમુખપદ સહિત તમામ હોદ્દાઓ પરથી કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધુ છે ત્યારે હવે ક્યા પક્ષમાં જોડાશે તે વાતનો અંતે આવતી કાલે કે ૩૧ મેના રોજ આવી શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભાજપ હાઇ કમાન્ડે તેને ભાજપમાં જોડાવાની લીલી ઝંડી આપી દીધી છે એટલું જ નહી કેન્દ્રિય મંત્રી અનુરાગ ઠાકુરના હાથે હાર્દિક ભાજપનો ખેસ પહેરે તેવું ચર્ચાઇ રહ્યુ છે.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસથી નારાજા હાર્દિક ૧૮મેના રોજ સોનિયા ગાંધીને પોતાનું રાજીનામુ ધરી દીધુ હતુ અને ત્યાર બાદ કોંગ્રેસ વિરુદ્ધ અને ભાજપની તરફેણમાં અનેક નિવેદનો કરતો રહ્યો હતો. હાર્દિકે એમ પણ જણાવ્યું હતુ કે કોંગ્રેસ જનતાની ભાવનાની અવગણના કરે છે. તાજેતરમાં કોંગી નેતા ભરતસિંહ સોલંકીએ કહ્યુ હતુ કે રામ મંદિરની ઇંટો પર કૂતરાઓ પેશાબ કરે છે તેની સામે હાર્દિકે કહ્યુ હતુ કે કોંગ્રેસને ભગવાન રામથી શું વાંધો છે. શ્રીરામ મંદિરનું નિર્માણ પણ થઇ ગયુ છે છતા કોંગી નેતા વિવાદાસ્પદ નિવેદનો કેમ આપે છે, શું કોંગ્રેસને હિંદુના મતની જરૂર નથી? જીએસટી, કલમ ૩૭૦ મુદ્દે કોંગ્રેસની ટાકી પર હાર્દિકે કહ્યુ હતુ જ્યારે કોંગ્રેસ માત્ર અવરોધો પેદા કરે છે. કોંગ્રેસ વારંવાર ધર્મની વાતને અવગણતુ હોવાથી ગુસ્સો આવે છે.

# ડભોઇ દશાલાડ વાડી ખાતે મન્સૂરી પિંજારા વોરા સમાજનો સમૂહ લગ્ન યોજાયો



ડભોઇ મન્સૂરી પિંજારા વોરા સમાજ દ્વારા સમૂહ લગ્ન યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના મહાનુભાવો અને ૧૦ જેટલા નવયુગલો તસવીરમાં નજરે પડે છે. ( તસ્વીર:- નિમેષ સોની, ડભોઈ )

(પ્રતિનિધિ) ડભોઇ,તા.૨૯

આજરોજ ડભોઇ મન્સૂરી પીંજારા વોરા સમાજ ટ્રસ્ટ દ્વારા ડભોઇ દશાલાડ વાડી ખાતે સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવ્યા હતો. જેમાં દશ જેટલા જોડાઓએ નિકાહની રશમ મહાનુભાવોની ઉપસ્થિતિમાં અદા કરી લગ્નગ્રંથિથી જોડાયા હતા. ડભોઇ મનસુરી પીંજારા વોરા સમાજ ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્નનું સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું. મુસ્લિમ જ્ઞાતિના રિવાજ મુજબ આ સમૂહલગ્ન યોજવામાં આવ્યો હતો. આ સમૂહ લગ્ન પ્રસંગે મન્સૂરી સમાજ સહિત અન્ય સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહી નવયુગલોને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ડભોઇ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા અનિવાર્ય સંજોગોને કારણે હાજર ન રહી શકતા શુભેચ્છા સંદેશ પાઠવી તમામ યુગલો ને શુભેચ્છા આપી હતી. તેમજ માજી રેલ રાજ્ય મંત્રી અને રાજ્ય સભાના સાંસદ નારણભાઇ રાઠવા અને માજી ધારાસભ્ય સિદ્ધાર્થભાઈ પટેલ દ્વારા પણ શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો. તેમજ નગરના રાજકીય આગેવાનો અને સમાજના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત સરકારે ટોચના ૨ અધિકારીઓને આપ્યુ ૮ મહિનાનુ એક્સટેન્શન, ચૂંટણી સુધી કામ કરશે

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૨૯

કેબિનેટ કમિટી ઓન એપોઈન્ટમેન્ટમાં બે મોટા નિર્ણયો લેવાયા છે. ગુજરાત સરકારે નિમણૂક અંગે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. ગુજરાત સરકારે બે ટોચના અધિકારીઓને આપ્યુ ૮ મહિનાનુ એક્સટેન્શન છે. જેમાં ગુજરાતના પોલીસ વડા ડીજીપી આશિષ ભાટિયા અને મુખ્યસચિવ પંકજકુમારને ૮ મહિનાનું એક્સટેન્શન અપાયુ છે.

ગુજરાતના ડીજીપી આશિષ ભાટિયા આગામી ૮ મહિના માટે ગુજરાતના ડીજીપી બની રહેશે. આશિષ ભાટિયા ૩૧ મેના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. પરંતુ રાજ્યના ઉત્કૃષ્ઠ આશિષ ભાટિયાને ૮ મહિનાનું એક્સટેન્શન અપાયું છે ત્યારે તેઓ ૩૧ જાન્યુઆરી સુધી ફરજમાં રહેશે. કેબિનેટ કમિટી ઓન એપોઈન્ટમેન્ટ્સે ગૃહ મંત્રાલયની દરખાસ્ત મંજૂર કરી છે. તેથી તેઓ હવે આગામી ૮ મહિના સુધી આ પદ પર કાયમ રહેશે.

આ ઉપરાંત ગુજરાત સરકારે મુખ્યસચિવ પંકજકુમારને પણ ૮ મહિનાનું એક્સટેન્શન આપ્યુ છે. જાન્યુઆરી ૨૦૨૩ સુધી પંકજ કુમાર મુખ્ય સચિવ પદ પર કાર્યરત રહેશે. મુખ્ય સચિવના એક્સટેન્શનને કેન્દ્રએ લીલીઝંડી આપી છે.

ઉલ્લેખનીય છે કે, વિધાનસભાના ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્ય પોલીસ વડા અને મુખ્યસચિવ બંનેને ૮ મહિનાના એક્સટેન્શનની જાહેરાત કરાઈ છે. આજે જ રાજ્ય સરકાર સત્તાવાર ઓર્ડર બહાર પાડશે. રાજ્ય સરકારે મે ૨૦૨૩ સુધી બંનેનો કાર્યકાળ લંબાવવા રજૂઆત કરી હતી. જેમાં ૮ મહિના સુધીની મંજૂરી મળી છે.

# લુણાવાડા-મોડાસા હાઈવે પર ટ્રકની ટક્કરે બાઈક પર જતો આખો પરિવાર કચડાયો, ચારના મોત

અમદાવાદ,તા.૨૯

લુણાવાડામાં એક પરિવાર બાઈક પર જઈ રહ્યો હતો, દરમિયાન ટ્રકની અડફેટે આવ્યો ઘટનામાં બાઈકની સાથે આખો પરિવાર કચડાઈ જતા તમામ સભ્યોના મોત થઈ ગયા બનાવના સ્થળ પર પહોંચેલા લોકોએ બનાવ અંગે એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હાઈવે પર આ પ્રકારની ઘટનાના બને તે માટે સ્પીડ લિમિટના ઉલ્લંઘન કરનારા ટ્રક ચાલકો અને અન્ય વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી.લુણાવાડા-મોડાસા હાઈવે પર સવારે થયેલા ગમખ્વાર અકસ્માતે એક પરિવારનો ભોગ લીધો છે. બાઈક અને ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં પતિ-પત્ની સહિત બે બાળકોના મોત થઈ ગયા છે. વહેલી સવારે બનેલી અકસ્માતમાં ટ્રકે બાઈકને અડફેટે લેતા ૪ ના ઘટના સ્થળ પર જ મોત નિપજ્યા હતા. ઘટના બાદ મોટી સંખ્યામાં લોકોના ટોળા બનાવના સ્થળ પર પહોંચ્યા હતા. આ ઘટના અંગે પોલીસ દ્વારા વધુ તપાસ કરીને ટ્રક ડ્રાઈવર સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.એક જ પરિવારના ચારના મોત લુણાવાડાના ચાર કોશિયા પાસે એક પરિવાર બાઈક પર જઈ રહ્યો હતો. દરમિયાન અચાનક ટ્રકની અડફેટે ચઢી ગયો હતો. આ ઘટનામાં બાઈકની સાથે આખો પરિવાર કચડાઈ જતા તમામ સભ્યોના મોત થઈ ગયા હતા. બનાવની જાણ થતાં આસપાસના ગામોના લોકો હાઈવે પર દોડી આવ્યા હતા અને અકસ્માતનો ભોગ બનેલા લોકોને બચાવવા માટે પ્રયાસ કર્યા હતા. જોકે, સારવાર મળે તે પહેલા જ પતિ-પત્ની અને તેમના બે માસૂમ બાળકોના ઘટના સ્થળ પર જ મોત થઈ ગયા હતા.ઘટના સ્થળ પર પહોંચ્યા સ્થાનિકો બનાવના સ્થળ પર પહોંચેલા લોકોએ બનાવ અંગે એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હતી. પોલીસે આ મામલે વધારે તપાસ હાથ ધરી છે. આ અકસ્માતમાં બેદરકારી કોની છે તે અંગે પણ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. મૃતદેહોને નજીકની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલીને લુણાવાડા પોલીસ વધારે તપાસ કરી રહી છે. પોલીસે ઘટના સ્થળ પરથી ટોળાને દૂર કરીને હાઈવે પરનો વાહન વ્યવહાર શરુ કરાવ્યો હતો. ટ્રક ચાલક અકસ્માત બાદથી ગાયબ છે. પોલીસ દ્વારા આરોપીને પકડી પાડવા માટેના ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે.એક જ પરિવારના બાળકો સહિત ચારેય સભ્યોના મોત થતા તેમના કુટુંબમાં ભારે શોકનો માહોલ છે. અકસ્માત માટે જવાબદાર ટ્રક ડ્રાઈવર સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં હાઈવે પર આ પ્રકારની ઘટનાના બને તે માટે સ્પીડ લિમિટના ઉલ્લંઘન કરનારા ટ્રક ચાલકો અને અન્ય વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવી રહી

# શહેરમાં પ્રતિબંધિત કૃત્યો કરવા નહિ

વડોદરા, તા.૨૯

હાલની પરિસ્થિતિને લક્ષમાં લઇ, કોઇપણ પ્રકારે સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, પ્રદૂષણ રહિત વાતાવરણ જળવાઇ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે વડોદરા શહેર પોલીસે હુકમ ફરમાવ્યો છે. સમગ્ર વડોદરા શહેરમાં શસ્ત્રો, દંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર અને અઢી ઇંચથી વધુ લાંબુ છેડેથી અણીવાળું પાનું હોય જેવા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવું નહિ. જાહેર જગ્યાઓ પર પરવાનાવાળા હથિયારો, હવામાં ફાયરિંગ કરવું, ધાર્મિક સરઘસ કે સમુદાયમાં સ્ફોટક પદાર્થો કે હથિયારો લઇ જવા નહિ. પથ્થરો કે બીજા શસ્ત્રો ફેંકવા કે નાંખવા નહિ, સાધનો લઇ જવા નહિ. આવા સાધનો એકઠાં કરવા કે તે કરવાની તૈયારી કરવી નહિ. સરઘસ સાથે સળગતી મશાલ રાખવી નહિ. વ્યક્તિઓના પૂતળાં બાળવા કે લટકાવવા કે પૂતળાને ફાંસી આપવી નહિ. સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ, હાવભાવ કરવા નહિ. ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર, બતાવવી કે ફેલાવો કરવો નહિ. સરકારી નોકરીનું કામકાજ કરતી વ્યક્તિ કે તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઇ હથિયાર લઇ જવાની ફરજ પર હોય તેમને તથા ફરજ પરના પોલીસ અધિકારી તથા શારીરિક અશક્તિના કારણે લાકડી લઇ જવાની પરવાનગી હોય તેમને લાકડી લઇ જવાની.

# છોટાઉદેપુર લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા વિદેશી દારૂ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૨૯

છોટાઉદેપુર લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ઓરસંગ નદીના બ્રિજ પાસેથી કિ.રૂ.૧,૧૫,૬૫૬/- ના ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે બે ઇસમોને ટોયોટા ગ્લેંઝા ગાડી સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા

એમ.એસ.ભરાડા ઇન્ચા.પોલીસ મહાનિરીક્ષક વડોદરા વિભાગ, તથા ધર્મેન્દ્ર શર્મા, પોલીસ અધિક્ષક છોટાઉદેપુર દ્વારા છોટાઉદેપુર જીલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિ નાબુદ કરવા તેમજ દારૂબંધીના કાયદાનો કડક અમલ થાય તેવી કાર્યવાહી કરવા માટે જીલ્લાના તમામ થાણા અધિકારીશ્રી તથા તમામ શાખા ઇન્ચાર્જને સુચના આપી હતી।



(તસ્વીર-ઝાકીર અંધી,છોટાઉદેપુર)

આ સૂચનાનો અમલ કરવા પ્રોહીબીશનની પ્રવૃત્તિ ઉપર અંકુશ આવે તે હેતુંથી પ્રોહી ડ્રાઇવનું આયોજન કરવામાં એલસીબી દ્વારા કરવામાં આવ્યું હતુ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એચ.રાઉલજી ઇન્ચા. લોકલ ક્રાઇમ બ્રાન્ચ છોટાઉપુર પોતાના એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસો સાથે છોટાઉદેપુર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એચ.એચ.રાઉલજીને બાતમી હકીકત મળેલ કે રંગપુર તરફથી એક ફોર વ્હિલ ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી છોટાઉદેપુર થઇ વડોદરા તરફ જવાની છે. જે બાતમી હકીકત આધારે એલ.સી.બી. ટીમ દ્વારા ડોનબસ્કો થી ઓરસંગ નદીના બ્રિજ સુધી ખાનગીરાહે વોચ નાકાબંધી કરવામાં આવેલ હતી અને બાતમી મુજબની ગાડી આવતા તેને રોકી અને ગાડીમાં તપાસ કરી હતી જેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ અલગ-અલગ બોટલ નં.૯૮૪ કિ.રૂ.૧,૧૫,૬૫૬/- નો મળી આવ્યો હતો. આમ ૧,૧૫,૬૫૬/- ના ભારતીય બનાવટના વિદેશી દારૂ ટોયોટા ગ્લેંઝા ગાડી - ૧ નંબર UP-૨૫-CW-૪૫૬૬ કિ.રૂ.૫,૦૦,૦૦૦/- -અંગ ઝડતીમાં મળી આવેલ મોબાઇલ નંગ-૧ જેની કિ.રૂ.૫૦૦/-રોકડા રૂ.૨૮૦/-મળી કુલ રૂપિયા ૬,૧૬,૪૩૬/- નો મુદ્દામાલ સાથે બે આરોપી જગુભાઇ કાદુભાઇ રાઠવા રહે.ચીસાડીયા પુજારી ફળીયા તા.જી.છોટાઉદેપુર અને કશનભાઇ દુકાળીયાભાઇ રાઠવા રહે.કાકડપા કાછલા ફળીયા તા.જી.છોટાઉદેપુરની ધરપકડ કરી છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી કાયદેસરની કાયર્વાહી હાથ ધરવામાં આવેલ છે તેમજ આ કેસમાં સામેલ અન્ય ભાગેડુ આરોપી ૧) અલ્કેશભાઇ થાવરીયાભાઇ રાઠવા રહે.ચીસાડીયા તા.જી.છોટાઉદેપુર (૨) શૈલેષભાઇ રાઠવા રહે.ખડકવાડા તા.જી.છોટાઉદેપુર (૩) ચાંદપુર સરકારી દુકાનનો સંચાલક ( મધ્યપ્રદેશની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે

## રાજ્યના ૫૭ સ્થળોએ પોલીસ કર્મચારીઓ માટે

# રૂ.૩૪૭ કરોડથી વધુ રકમના ખર્ચે બંધાયેલ ૯૨૫ આવાસોનું લોકાર્પણ

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૨૯

સરદારની ભૂમિ એવા નડિયાદ ખાતે અંદાજિત રૂપિયા ૩૪૭ કરોડના ખર્ચે પોલીસ આવાસ નિગમ દ્વારા નિર્માણ કરવામાં આવેલ ૯૨૫ આવાસોનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી હાજર ઉપસ્થિત રહ્યા હતા. ગૃહ મંત્રી અમિત શાહે ગુજરાત દેશમાં પોલીસ સેટિસફેક્શન રેશીઓમાં મોખરે છે તે માટે મુખ્યમંત્રી તથા તેમના સાથી ગૃહ રાજ્ય મંત્રી અને સમગ્ર રાજ્ય પોલીસ તંત્રને આત્મીય અભિનંદન આપતાં જણાવ્યું કે સ્વતંત્રતા મળી ત્યારથી અત્યાર સુધીમાં દેશના પોલીસ દળોના ૩૫ હજારથી વધુ જવાનોએ લોક સુરક્ષા અને સલામતી જાળવવા માટે સર્વોચ્ચ બલિદાનો આપ્યાં છે. હું નત મસ્તકે તેમની શહીદીનું સન્માન કરું છુ, દેશના આંતરિક સુરક્ષાના ઇતિહાસમાં તેમના નામ સુવર્ણ અક્ષરે લખાશે. તેમણે જણાવ્યું કે દેશે લડેલા સીમા સુરક્ષા માટેના યુદ્ધોમાં થયેલી શહાદત કરતાં દેશની આંતરિક સુરક્ષા માટે જાન આપનારા આ જવાનોની સંખ્યા વધુ છે. હું તેમને મનપૂર્વક અને માનપૂર્વક સલામી આપુ છું.તેમણે વધુમાં જણાવ્યું કે સરદાર સાહેબે અખંડ ભારતની કલ્પના સાકાર કરી છે. તેઓ ના હોત તો આ ભગીરથ કામ ન થયું હોત. તેમ જણાવતા વધુમાં ઉમેર્યું હતુ કે, ભારતના એકીકરણ બાદ દેશના પોલીસ દળોએ દેશની આંતરિક સુરક્ષાની જવાબદારી સુપેરે નિભાવી છે. આ દળોએ સમયની સાથે જરૂરી આધુનિકીકરણ દ્વારા સુસજ્જ બનીને આંતરિક સુરક્ષા સામેના કપરા પડકારો સફળતાપૂર્વક ઝીલ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષાના પાયામાં રહેલા અદના સૈનિકો એવા પોલીસ દળના જવાનોના કાર્યને બિરદાવતાં જણાવ્યું હતુ કે, પોલીસ દળના જવાનો ગુજરાતની સુખ - સમૃદ્ધિ અને સુરક્ષાના પાયાના પથ્થરો છે. ઠંડી હોય કે ગરમી હોય કે પછી વરસાદની પરિસ્થિતિ હોય કોઈપણ વિકટ પરિસ્થિતિમાં ગુજરાતની સુરક્ષાની ચિંતા કરી રહેલા પોલીસ દળના આ અદના સૈનિકોની સાથે તેમના પરિવારની પણ ચિંતા સરકાર કરી રહી છે. જેના પરીણામે રાજ્યમાં છેલ્લા બે દશકમાં રૂપિયા ૩૮૪૦ કરોડના ખર્ચે ૩૧ હજાર પોલીસ આવાસો અને ૧૫૨૫ બિનરહેણાંક મકાનો, પોલીસ સ્ટેશનો, કચેરીઓનું નિર્માણ થયું છે.

## મૃત્તકના વાલીવારસોએ રાવપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

વડોદરા, તા.૨૯

નામ-સરનામાની ખબર નથી તેવી આશરે ૪૦ વર્ષીય અજાણી સ્ત્રી એસ.એસ.જી હોસ્પીટલના કમ્પાઉન્ડમાં તાત્કાલિક વિભાગની પાછળ ભાથુજી મંદિરની બાજુમાંથી મૃત્ત હાલતમાં મળી આવેલ છે. તપાસ કરતા વાલીવારસો મળ્યા નથી.

INEOS STYROLUTION

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office : 5th Floor, OHM House - II, OHM Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat.**

**CIN :** L25200GJ1973PLC002436

**Tel. No :** +91 265 2303201 / 2303202.

**E mail :** INSTY.secshare@ineos.com | **Website :** www.ineosstyrolutionindia.com

**Declaration of 2nd Interim Dividend & Record Date**

**Notice is hereby given that** pursuant to provisions of Section 91 of Companies Act, 2013 and applicable Rules thereunder, the Company has fixed Tuesday, June 07, 2022 as the Record Date for the purpose of payment of 2nd interim dividend for the financial year 2021-22.

The interim dividend, in respect of equity shares held in electronic form, will be payable to the beneficial owners of the shares as on June 07, 2022, as per the BENPOS furnished to the Company by the Depositories for this purpose. In case of shares held in physical form, dividend will be paid to the shareholders, whose names shall appear on the Register of Members as on June 07, 2022.

In accordance with provisions of the Income-tax Act, 1961 ("Act") as amended by, and read with the provisions of the Finance Act, 2020, applicable with effect from 1st April, 2020, dividend declared and paid by the Company is taxable in the hands of its shareholders, and accordingly the Company is required to deduct tax at source ("TDS") at the applicable rates. However, no TDS shall be deducted on the dividend payable to a resident individual if the total dividend to be received by them during F.Y. 2022-2023 does not exceed INR 5,000/-.

In view of the above, the Company would be deducting TDS as per the applicable provisions and TDS rates, while paying the 2nd interim dividend for the said F.Y. Shareholders are requested to refer to applicable tax provisions and provide relevant documents to the Company / its registrar, in terms of the notice available on Company's website.

This intimation is also available on the website of the Company www.ineosstyrolutionindia.com and on the website of the Stock Exchanges, where the shares of the Company are listed, i.e. at www.bseindia.com and www.nseindia.com.

**For INEOS Styrolution India Limited**

sd/-

**Abhijaat Sinha**

Head - Legal and Company Secretary

**Date :** May 30, 2022

**Place :** Vadodara